માત્ર આંખો જ ખૂલે તેને ઉઠ્યા કહેવાય, દૃષ્ટિ ખૂલે તેને જાગ્યા કહેવાય
- મોરારિ બાપુ


આપણું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૮૫ | ૫ જૂન, ૨૦૧૪, ગુરૂવાર; જેઠ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

**● મુંડેના મૃત્યુ અંગે વિવાદ**

ભાજપના મહારાષ્ટ્રના



નેતા અને કેન્દ્રિય મંત્રી ગોપીનાથ મુંડેનું કાર અકસ્માતમાં મૃત્યુ થયું છે. પરંતુ મહારાષ્ટ્રના ગ્રામિણ વિસ્તારમાં આ વાત પ્રજા સ્વીકારતી નથી. કેટલાક લોકોને આ દુર્ઘટનામાં રાજકીય કાવતરાની ગંધ આવે છે. તો કેટલાકને નરેન્દ્ર મોદીને ગર્ભિત ચેતવણી અપાયાની શંકા સર્જે છે.

**● જાપાનમાં આત્મહત્યાની સંખ્યામાં ઘટાડો**


જાપાનની આર્થિક



પરિસ્થિતિ સુધરતા આત્મહત્યાનો આંકડો ઘટ્યો છે. વર્ષ ૨૦૧૩ના ૨૭હજાર નાગરિકોએ આત્મહત્યા કરી હતી. આ વર્ષે પ્રમાણમાં ૫૭૫ની સંખ્યા ઘટી છે. આમ ૧૫ વર્ષમાં પ્રથમ વખત આત્મહત્યાનો આંકડો ઘટ્યો છે.

**● યશવંતસિંહા જેલમાં**

ભાજપના વરિષ્ઠ નેતા અને અન્ય ૫૪ કાર્યકરોને



અદાલતે જેલમાં મોકલવાનો હુકમ કર્યો હતો. ઝારખંડ ઈલેક્ટ્રીસિટી બોર્ડના જનરલ મેનેજર ધનેશ ઝા ને દેખાવો દરમ્યાન બાંધી રખાતા કરાયેલી એફઆઈઆરને પગલે હજારીબાગ કોર્ટે ૧૪ દિવસની જ્યુડીશિયલ કસ્ટડીની સજા ફરમાવી હતી.


LED, LCD & Colour TV રીપેરીંગ

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧


# ગાંધીનગરમાં વિક્રમી ૪૪.૮ ગરમી

## આકાશમાંથી વરસી રહેલા આગના ગોળા : મોડી સાંજ સુધી સતત લુ ફૂંકાતા જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં બુધવારે વિક્રમી ગરમી પડી હતી. મોસમમાં પહેલી વખત મહત્તમ તાપમાન ૪૪.૮ ડિ.સે. સુધી પહોંચી ગયું હતું. આખો દિવસ આકાશમાંથી અગનવર્ષા ચાલુ રહેતા વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. લઘુત્તમ તાપમાન પણ ૩૦.૦ ડિ.સે. જેટલુ ઉંચુ રહેતા શહેરીજનો આખી રાત પરસેવે ભીંજાયા હતા.

બુધવારનો દિવસ ગાંધીનગરાઓ માટે જાણે કયામતનો દિવસ બની રહ્યો હતો. આજે આખો દિવસ શહેરમાં અતિ ભારે ગરમી પડી હતી. આજના દિવસે ગરમીએ જાણે માઝા મુકી હતી. વહેલી સવારથી જ આકરો તડકો પડવાનો શરૂ થઈ ગયો હતો. નવ-દસ વાગતા સુધીમાં તો જાણે આકાશમાંથી આગના ગોળા વરસી રહ્યા હોય તેવુ લાગવા માંડ્યું હતું. જરાક તડકામાં નીકળો તો પણ જાણે હાથ-પગની ચામડી બળી જતી હોય તેવુ અનુભવાતુ હતુ. ઘણા લોકોને સનબર્નની અસરો થઈ હતી જેમાં હાથે અને કપાળના ભાગે નાની નાની લાલ ફોડલીઓ ઉપસી આવી હતી. લોકો ગરમીના પ્રકોપથી આકુળવ્યાકુળ થઈ ગયા હતા અને સતત પાણી પીધા કર્યુ હતુ છતાં જાણે આજે કેમેય કરીને તરસ જ છીપાઈ નહોતી.

સવારનો ૫૬ ટકા ભેજ સાંજના સમયે માત્ર ૨૧ ટકા રહ્યો હતો અને રોડ ઉપરથી રીતસર જાણે વરાળો નીકળતી હોય તેમ તાપથી નીકળતો બાફ નિકળતો હતો. વળી, આજે એકાએક પવન પણ ખૂબ ઓછો થઈ જવાથી નગરજનોની હાલત ખરેખર કફોડી બની ગઈ હતી. પંખામાંથી પણ જાણે ગરમ હવા ફુંકાતી

● અનુસંધાન પાન-૭ પર

### ક્યાં-કેટલું તાપમાન

| શહેર | તાપમાન |
|---|---|
| સુરેન્દ્રનગર | ૪૫.૫ |
| અમદાવાદ | ૪૫.૦ |
| કંડલાએરપોર્ટ | ૪૫.૦ |
| ગાંધીનગર | ૪૪.૮ |
| ઈડર | ૪૪.૭ |
| રાજકોટ | ૪૪.૫ |
| ભાવનગર | ૪૨.૩ |
| ડિસા | ૪૪.૦ |
| ભુજ | ૪૪.૦ |
| અમરેલી | ૪૪.૦ |
| વિદ્યાનગર | ૪૧.૮ |
| પોરબંદર | ૩૪.૮ |
| સુરત | ૩૪.૬ |
| દ્વારકા | ૩૩.૦ |



(તસવીર : દિપક જાની)

# બીપીએલ કાર્ડ રદ્દ કરવા વિચારણા : છત્રસિંહ

## કેરોસીનના ફેરિયા ઓછો જથ્થો આપે છે : નેટવર્ક ગ્રામ્ય વિસ્તારમાં પકડાતુ જ નથી તેવી ફરિયાદો રજુ થઈ

ગાંધીનગર, તા. ૪

ગુજરાતમાં જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શી બનાવવાની દિશામાં સરકાર આગળ વધી રહી છે તેવું કહી રાજ્ય પુરવઠા મંત્રીશ્રી છત્રસિંહ મોરીએ આજે એવો સંકેત આપ્યો હતો કે બી.પી.એલ. કાર્ડ પણ રદ્દ કરવાની વિચારણા સરકાર કરી રહી છે.

ગાંધીનગર ખાતે શહેર અને તાલુકાના પુરવઠા લોકદરબારને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે બી.પી.એલ. યાદી કેન્દ્ર દ્વારા તૈયાર કરવામાં આવે છે. આ યાદી રદ્દ કરવા માટે વારંવાર રજુઆતો આપણે કરી છે પણ કેન્દ્રએ તે ધ્યાને લીધી ન હતી હવે આપણા નરેન્દ્રભાઈની સરકાર બની છે. યાદી રદ્દ કરવા કહેશુ અને તે નિર્ણય થતાંજ બીપીએલ કાર્ડ નાબુદી માટે આપણે આગળ વધીશુ.

રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગરીબોના હક્ક છીનવાશે નહિ પણ તેમને આવકની મર્યાદામાં સસ્તાદરે જાહેર વિતરણ વ્યવસ્થાનું જરૂરિયાત મુજબનું પુરતુ અનાજ મળે તે જોવાશે. રાજ્ય સરકારે ગરીબો માટે આવક મર્યાદા નિયત કરી છે જેમાં ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૩૨૪ અને શહેરી વિસ્તાર માટે રૂ. ૫૦૦ માસિક આવક મેળવતા પરિવારોને આવરી લેવાશે. આવકના દાખલા તલાટી અને શહેરી વિસ્તારમાં સક્ષમ સત્તાધિકારીઓ પાસેથી તે મેળવીને રજુ કરી શકાશે તેમને કાર્ડ મળશે.

જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શી બનાવવાની દિશામાં સરકારે અનેક મહત્વના નિર્ણયો લીધા છે છેલ્લા બે-ત્રણ વર્ષથી જે નવા નામ દાખલ કરવાનું બંધ હતું તે માટે અરજીપત્રકો તૈયાર કરી દેવામાં આવ્યા છે અને તે ટુંકમાં જ કામગીરી આરંભાશે.

તેમણે જણાવ્યું કે પરિવારના મોભીની જ નહિ પણ હવે પરિવારના તમામ સભ્યોની ફિંગર પ્રિન્ટ લેવામાં આવશે જેથી વિતરણ વ્યવસ્થાનો લાભ મળી રહે. તેમણે એમ પણ કહ્યું કે બીપીએલ પરિવારમાંથી જુદા

● અનુસંધાન પાન-૭ પર

# સ્મૃતિ ઈરાની ૧૩મીએ ગાંધીનગરમાં

## કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી સ્મૃતિ ઈરાની પ્રવેશોત્સવના કાર્યક્રમમાં ભાગ લેશે : ૧૨,૫૦૦ બાળકો પ્રવેશપાત્ર છે, ૩૨ રૂટ બનાવાયા તંત્ર દ્વારા પ્રવેશોત્સવ માટે ચાલતી તડામાર તૈયારીઓ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં કેન્દ્રના શિક્ષણ રાજયમંત્રી સ્મૃતિ ઈરાની ૧૩મી જુને ભાગ લઈ બાળકોને પ્રવેશ અપાવશે.

૧૨ થી ૧૪ જુન દરમિયાન યોજાનાર શાળા પ્રવેશોત્સવમાં રાજયના મંત્રીશ્રી સૌરભ પટેલ તેમજ રાજયમંત્રી શ્રીમતિ વસુબેન ત્રિવેદી પણ જોડાવાના છે. આ ઉપરાંત ૧૨થી વધુ સનદી અધિકારીઓ તેમજ અન્ય પદાધિકારીઓ જોડાવાના હોઈ તંત્ર દ્વારા તે અંગે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.


● અનુસંધાન પાન-૭ પર

# ધો. ૯ નો પણ પ્રવેશોત્સવ

ગાંધીનગર, તા. ૪

આ વખતે શાળા પ્રવેશોત્સવની સાથે સાથે ધો. ૮ પાસ કરનાર બાળકને ધો. ૯માં માધ્યમિક શાળાઓમાં પ્રવેશ અપાવવાનો પણ કાર્યક્રમ પણ યોજાશે. જિલ્લામાં ૧૦ હજાર જેટલા બાળકો ધો. ૯માં પ્રવેશપાત્ર છે. પ્રાથમિકની સાથે સાથે માધ્યમિક શાળાઓમાં પણ પ્રવેશોત્સવની ઉજવણી કરાશે.

૯મી જુને મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ પ્રવેશોત્સવને લઈ ખાસ માર્ગદર્શન આપનાર હોવાનું પણ શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.


KRISHNA SCHOOL OF SCIENCE

ADMISSIONS OPEN

Std : 9th-10th 11th-12th English Medium

Std : 11th-12th Gujarati Medium

Boys & Girls Hostel Facility Available

Plot No. X-26, Raj Snkul, Sector-25, G.I.D.C., Nr. Cambay Spa & Resoorts, Gandhinagar.
Contact
92280 07565
77788 39670